दिव्य भास्कर

सुरत 11-07-2026

સ્રાત: બ્લુ ટાકાઇ, સકન્ડરા ારસય, ઇન્ક42

**એન્ટરટેઈનમેન્ટ** • 13-23 ઓગસ્ટ દરમિયાન મેલબોર્નમાં યોજાશે ભારતીય ફિલ્મોનો સૌથી મોટો આંતરરાષ્ટ્રીય મહોત્સવ

# મેલબોર્ન ફિલ્મ મહોત્સવમાં આ ભારતીય ફિલ્મો પર રહેશે નજર

ભારત બહાર યોજાતા સૌથી મોટા ભારતીય ફિલ્મ મહોત્સવ 'ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબોર્ન' (IFFM) 2026ના એવોર્ડ્સ માટે નોમિનેશન જાહેર થઈ ગયા છે. આ વખતે ફિલ્મોમાં 'સિતારે જમીન પર', 'સૈયારા' અને 'કાંતારાઃ એ લિજેન્ડ- ચેપ્ટર 1' સૌથી મજબૂત દાવેદાર તરીકે ઉભરી આવી છે. જ્યારે ઓટીટીમાં 'કોહરા સીઝન-2'ને સૌથી વધુ નોમિનેશન મળ્યા છે. આ ફેસ્ટિવલ 13થી 23 ઓગસ્ટ દરમિયાન ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં યોજાશે.

## ફિલ્મોઃ આ સંભવિત વિજેતાનો દબદબો

- **સિતારે જમીન પરઃ** બેસ્ટ ફિલ્મ, બેસ્ટ એક્ટર (આમિર ખાન) અને બેસ્ટ ડાયરેક્ટર સહિત ઘણી શ્રેણીઓમાં નોમિનેટ છે.
- **સૈયારાઃ** બેસ્ટ ફિલ્મ, ડાયરેક્ટર (મોહિત સૂરી), એક્ટર (અહાન પાંડે) અને બેસ્ટ એક્ટ્રેસ (અનીત પઢ્ઢા)ની રેસમાં છે.
- **કાંતારાઃ** એ લિજેન્ડ- ચેપ્ટર 1ઃ આ ફિલ્મ માટે ઋષભ શેટ્ટીને અભિનેતા અને નિર્દેશક (ડાયરેક્ટર) બંને શ્રેણીમાં નોમિનેશન મળ્યું છે.
- **ધુરંધરઃ** આ ફિલ્મને આ વખતે સીમિત પરંતુ અગત્યના નોમિનેશન મળ્યા છે. રણવીર સિંહ બેસ્ટ એક્ટરની દોડમાં ચોક્કસ સામેલ છે.




## ઓટીટીમાં આ ફિલ્મો/ સિરીઝ આગળ

નેટફ્લિક્સની ક્રાઇમ-થ્રિલર 'કોહરાઃ સીઝન-2' આ વખતે સૌથી વધુ ચર્ચિત વેબ સિરીઝ બનીને ઉભરી છે. આ બેસ્ટ સિરીઝની સાથે અભિનય શ્રેણીઓમાં પણ તેને ઘણા નોમિનેશન મળ્યા છે. બરુન સોબતી અને મોના સિંહ પોતપોતાની કેટેગરીમાં દાવેદાર છે.

## આ સિરીઝને પણ મળી જગ્યા

- ફ્રીડમ એટ મિડનાઇટઃ સીઝન 2
- સપને Vs એવરીવન
- મટકા કિંગ

**આ સિતારાઓ પર રહેશે નજર**

**બેસ્ટ એક્ટર**

- આમિર ખાન (સિતારે જમીન પર)
- રણવીર સિંહ (ધુરંધર)
- ઋષભ શેટ્ટી (કાંતારા)
- દુલકર સલમાન (કાંથા) (અહાન પાંડે (સૈયારા)

**બેસ્ટ એક્ટ્રેસ**

- રાની મુખર્જી (મર્દાની 3)
- યામી ગૌતમ (હક)
- અનીત પઢ્ઢા (સૈયારા)
- કલ્યાણી પ્રિયદર્શન (લોકાહ)
- કીર્તિ કુલ્હારી (ફુલ પ્લેટ)

**IFFM ક્યારે અને ક્યાં યોજાશે?** ફેસ્ટિવલઃ 13-23 ઓગસ્ટ 2026- સ્થળઃ મેલબોર્ન, ઓસ્ટ્રેલિયા- ખાસ વાતઃ આ વખતે ઉદ્ઘાટન સમારોહમાં ઓસ્કાર-નામાંકિત ફિલ્મ 'લગાન'નું વિશેષ સ્ક્રીનિંગ પણ રખાયું છે.